ALOK INDUSTRIES LIMITED
INNOVATIVE TEXTILE SOLUTIONS®

+91 22 6178 7000
www.alokind.com
investor.relations@alokind.com

19th January, 2024

**BSE Limited**
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street, Mumbai - 400 001

Scrip Code: **521070**

**National Stock Exchange of India Limited**
Exchange Plaza, Plot No. C/1, G Block,
Bandra-Kurla Complex,
Bandra (East), Mumbai - 400 051

Symbol: **ALOKINDS**

Dear Sir/Madam,

**Sub: Newspaper Publication – Unaudited Consolidated Financial Results for the quarter / nine months ended 31st December, 2023.**

Pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith copies of the newspaper publication for the Unaudited Consolidated Financial Results for the quarter / nine months ended 31st December, 2023, published in Business Standard (English) and Lokmitra (Gujarati) newspapers on 19th January, 2024.

Kindly take record of the same.

Thanking you,

Yours faithfully,
**For Alok Industries Limited**

HITESH PRAVIN KANANI

Digitally signed by HITESH PRAVIN KANANI
Date: 2024.01.19 17:04:19 +05'30'

**Hitesh Kanani**
**Company Secretary & Compliance Officer**
Membership No. F6188

Encl.: As Above

# તંત્રીશ્રીની કલમે

## જ્ઞાનવાપી કેસમાં સુપ્રીમ કોર્ટમાં હિન્દુ પક્ષનો વિજય થયો

વારાણસીના જ્ઞાનવાપી મસ્જિદ સંકુલમાં સીલબંધ વિસ્તારની સફાઈની માંગ કરતી અરજી પર મંગળવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. હિંદુ પક્ષે જ્ઞાનવાપીના સીલ કરાયેલા વિસ્તારને ખોલવાની અને તાત્કાલિક સફાઈની માંગ કરતી અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે હિંદુ પક્ષની માગણી સ્વીકારી છે અને સફાઈનો આદેશ આપ્યો છે. કોર્ટે જિલ્લા મેજિસ્ટ્રેટની દેખરેખ હેઠળ સફાઈ કરવાની પરવાનગી આપી છે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન મસ્જિદ પક્ષે કહ્યું કે તેમને આ અરજી સામે કોઈ વાંધો નથી. હિન્દુ પક્ષે કથિત શિવલિંગના કુંડમાં માછલીઓના મોત બાદ ફેલાયેલી ગંદકીને તાત્કાલિક સાફ કરવાની માંગ કરી હતી. હિન્દુ પક્ષનું કહેવું છે કે અમારી માન્યતા મુજબ શિવલિંગ ત્યાં હાજર છે અને શિવલિંગને કોઈપણ પ્રકારની ગંદકી અને મૃત જીવોથી દૂર રાખવાની જરૂર છે. આવી ગંદકી વચ્ચે શિવલિંગની હાજરી અસંખ્ય શિવભક્તોની ભાવનાઓને ઠેસ પહોંચાડનારી છે. હિન્દુ પક્ષના વકીલ વિષ્ણુ શંકર જૈને ઝર્નેની અધ્યક્ષતાવાળી બેંચને કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટની યાદી અનુસાર આ કેસની સુનાવણી ૧૯ જાન્યુઆરીએ થવાની છે. જો કોર્ટ સુનાવણી માટે અગાઉની તારીખ આપે તો સારું રહેશે. ચીફ જસ્ટિસે કહ્યું કે તમે આ માટે ઈમેલ મોકલો અને મામલાને રજિસ્ટ્રી સમક્ષ મુકો. અમે જોઈશું કે આ મામલો ક્યારે સુનાવણી માટે સૂચિબદ્ધ થઈ શકે છે. હિંદુ પક્ષ હાલમાં જ્યાં જ્ઞાનવાપી મસ્જિદ સ્થિત છે તે જગ્યાએ મંદિરના પુનઃસ્થાપનની માંગ કરી રહ્યું છે. હિંદુ પક્ષ અનુસાર, જ્ઞાનવાપી મસ્જિદ એ મંદિરનો એક ભાગ છે. જ્ઞાનવાપી સંકુલનો વિવાદ લગભગ ૩૫૦ વર્ષ જૂનો છે જ્યારે તે ઔરંગઝેબના શાસનમાં હતો. હિંદુ પક્ષનું કહેવું છે કે ૧૬૬૯માં ઔરંગઝેબના આદેશ પર મંદિર તોડવામાં આવ્યું હતું અને ત્યાં મસ્જિદ બનાવવામાં આવી છે. આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે અને ૨૧મી જુલાઈ ૨૦૨૩ના રોજ જિલ્લા ન્યાયાધીશ ડૉ.અજય ક્રિષ્નાએ જ્ઞાનવાપી સંકુલમાં સીલબંધ વજૂખાના સિવાય સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૪ ઓગસ્ટે છર્જી સર્વેને મંજૂરી આપી હતી. આ દરમિયાન કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે જો કોઈ પણ કેસમાં પરિસ્થિતિ સર્વેક્ષણથી સ્પષ્ટ થાય તો કોઈપણ પક્ષને કોઈ સમસ્યાનો સામનો કરવો ન જોઈએ.

# રસ્તા પર નિયમોનું પાલન કરશો તો ટ્રાફિક પોલીસ કરશે સન્માન

રાજકોટ,

ટ્રાફિકની સમસ્યા અત્યારે સૌથી મોટી સમસ્યા થઈ ગઈ છે. સરકાર અથાગ મહેનત કરીને લોકોને ટ્રાફિકના નિયમોના પાઠ ભણાવવા માટે અલગ અલગ ડ્રાઈવ કરે છે. જેથી લોકોમાં ટ્રાફિક પ્રત્યે જાગૃતતા આવી શકે. જોકે, વર્ષ ૨૦૨૩માં ટ્રાફિક પોલીસ દ્વારા અનેક ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેથી લોકોમાં અવેરનેસ આવી શકે. ટ્રાફિક નિયમન માટે પોલીસે ટ્રાફિક જીનીયસ નામની એક પહેલ પણ શરૂ કરી છે. જેમાં નિયમનું પાલન કરનાર વાહન ચાલકોનું ટ્રાફિક જીનીયસ તરીકે સન્માન કરવામાં આવે છે. આ સાથે, તેમને ટ્રાફિકના નિયમો લખેલી થેલી આપવામાં આવી હતી. ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક જીનિયર પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટમાં ૩૯ જેટલી શાળાઓના ૪,૪૯૦ વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો પ્રત્યેની જાગૃતતા અંગે પરીક્ષા લેવામાં આવી હતી. આ દરમિયાન, જે વિદ્યાર્થીઓ પહેલા, બીજા અને ત્રીજા સ્થાન પર આવ્યા હતા તેમને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. રાજકોટમાં નિયમનું પાલન કરનાર વાહન ચાલકોનું ટ્રાફિક જીનીયસ તરીકે સન્માન કરીને ટ્રાફિક નિયમો લખેલી કાપડની થેલી આપવામાં આવી રહી છે. રસ્તા પરથી પસાર થતાં લોકો કે, જેઓ ટ્રાફિકના નિયમોનું બરાબર રીતે પાલન કરી રહ્યાં હતા તેમને ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમો લખેલી કાપડની થેલી આપવામાં આવી હતી. આ સાથે કાપડની થેલી પર પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ન કરવાનો સંદેશ લખીને સમજાવવામાં પણ આવી રહ્યા છે. કાપડની થેલી લાંબો સમય સચવાઈ રહેતી હોવાથી અને લોકોમાં ટ્રાફિક પ્રત્યે જાગૃતતા આવે તે માટે આ બેગ આપવામાં આવી હતી. આ સાથે જ રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા શાળા કોલેજોમાં પણ ટ્રાફિક જીનીયસ અભિયાન હેઠળ ટ્રાફિક નિયમો અંગે એક ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ટ્રાફિક નિયમોનું પાલન કરવાનું પ્રોત્સાહન મળી શકે. મોટાભાગે લોકો ટ્રાફિક સિગ્નલ પર ડાબી બાજુ જે જગ્યા રાખવાની હોય છે, તેનું મોટાભાગના લોકો ટ્રાફિક સિગ્નલ પર પાલન કરતા નથી. ત્યારે આ દરમિયાન ટ્રાફિક પોલીસ દિવસ રાત જોયા વગર લોકોની સેવા કરે છે અને જે પણ વ્યક્તિ સ્ટોપ લાઈનનો ભંગ કરે છે તેને ટ્રાફિક નિયમો અંગે જણાવવામાં આવે છે. ટ્રાફિક શાખા દ્વારા દ્વારા માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોનું પાલન થાય તે માટે અલગ અલગ જગ્યાઓ પર વિશેષ સપ્તાહ ડ્રાઈવનું આયોજન કરવામાં આવે છે. જેથી લોકોમાં ટ્રાફિકના નિયમો પ્રત્યે સભાનતા આવી શકે.

# નેપાળની વર્ષ ૧૯૬૭ની ટપાલ ટિકિટ પર રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનું વર્ષ લખાયું હતું

લખનૌ,

ભગવાન શ્રીરામ ૨૨મીએ અયોધ્યામાં તેમના નવા મંદિરમાં બિરાજમાન થશે. આવી સ્થિતિમાં દરેક જગ્યાએ રામ મંદિરની ચર્ચા છે. આ દરમિયાન, વર્ષ ૧૯૬૭માં નેપાળથી બહાર પાડવામાં આવેલી એક ટપાલ ટિકિટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. લોકો શોધી રહ્યા છે કે આ ટપાલ ટિકિટ ક્યાં છે અને કોની પાસે છે, તો અમે તમને જણાવી દઈએ કે આ દુર્લભ ટપાલ ટિકિટ લખનૌના એક વ્યક્તિ અશોક કુમારની છે. જેણે તેને પોતાના "ધ લિટલ મ્યુઝિયમ"માં સાચવી રાખ્યું છે. આ ટપાલ ટિકિટને દુર્લભ કહેવામાં આવી રહી છે કારણ કે તેની પાછળ કોઈ રહસ્ય છુપાયેલું છે. આ જાણીને દરેક વ્યક્તિ દાંત નીચે આંગળી દબાવી લે છે. વાસ્તવમાં, નેપાળમાં ભગવાન શ્રીરામના સસરાના ઘરેથી બહાર પાડવામાં આવેલી ૫૭ વર્ષ જૂની ટપાલ ટિકિટ વાયરલ થઈ રહી છે, જે કોઈ અદભૂત સંયોગથી ઓછી નથી. વાસ્તવમાં, ૧૯૬૭માં જારી કરાયેલી આ પોસ્ટલ સ્ટેમ્પ ભગવાન રામ અને સીતાને સમર્પિત હતી, જેમાં યોગાનુયોગ રામ મંદિરના અભિષેકનું વર્ષ લખેલું છે. આ ૧૫ પૈસાની ટપાલ ટિકિટ પર રામ નવમી ૨૦૨૪ લખેલું છે. ધ લિટલ મ્યુઝિયમના માલિક અશોક કુમારે જણાવ્યું કે આ ટપાલ ટિકિટ નેપાળમાં ૧૯૬૭માં બહાર પાડવામાં આવી હતી. આ ટપાલ ટિકિટમાં ભગવાન શ્રીરામ ધનુષ અને બાણ સાથે છે. માતા સીતા પણ તેમની સામે છે.

આ ૧૫ પૈસાની ટપાલ ટિકિટ પર 'રામ નવમી ૨૦૨૪' લખેલું છે. આ ટપાલ ટિકિટ ૧૮ એપ્રિલ, ૧૯૬૭ના રોજ રામ નવમીના અવસરે લોન્ચ કરવામાં આવી હતી. તેમનું કહેવું છે કે તેણે આ ટપાલ ટિકિટ કોઈ પાસેથી ખરીદી છે. અશોક કુમારે જણાવ્યું કે આ વાયરલ નેપાળી પોસ્ટલ સ્ટેમ્પ પર લખાયેલ રામ નવમી ૨૦૨૪ અંગ્રેજી કેલેન્ડરમાં નહીં પરંતુ વિક્રમ સંવતમાં લખાયેલું છે. વિક્રમ સંવત અંગ્રેજી કેલેન્ડર કરતાં ૫૭ વર્ષ આગળ ચાલે છે. આ રીતે, વર્ષ ૧૯૬૭માં બહાર પાડવામાં આવેલી આ પોસ્ટલ સ્ટેમ્પ પર વર્ષ ૨૦૨૪ ૫૭ વર્ષ આગળ લખેલું છે. એટલા માટે તે આશ્ચર્યજનક છે કે એવું કહી શકાય કે આટલા વર્ષો પહેલા જારી કરાયેલી આ ટિકિટ પર અભિષેકની તારીખ પહેલેથી જ લખેલી હતી. આ ટિકિટ હાલ ઘણી જ ચર્ચામાં છે અને લોકો પણ તેને જોવા માગી રહ્યા છે. જે ટિકિટ વાયરલ થઈ રહી છે તે અંગે અશોક કુમારે મહત્વની વાતો પણ જણાવી છે.

# ભારતના ટાપુ પ્રદેશમાં પ્રવાસન વધારવાની મોરારી બાપુએ હિમાયત કરી

બનાસકાંઠા

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ મહિને લક્ષદ્વીપની સત્તાવાર મુલાકાત બાદ રાજદ્વારી તોફાન સર્જાયું છે. નરેન્દ્ર મોદીના સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી મનોહર તસવીરો કે જેમાં શાંત દરિયાકિનારા અને પાણીની અંદરના સાહસો દર્શાવવામાં આવ્યા હતાં. તેનો હેતુ લક્ષદ્વીપના કુદરતી સૌંદર્યને દર્શાવવા માટે હતો. જોકે, આ પોસ્ટથી અજાણતાં જ માલદીવ્સ સાથે વિવાદ સર્જાયો તેમજ સોશિયલ મીડિયા ઉપર યુદ્ધ શરૂ થઇ ગયું, જે રાજદ્વારી વિવાદમાં તબદીલ થઇ ગયું. માલદીવના યુવા સશક્તિકરણ, માહિતી અને કલાના નાયબ મંત્રી મરિયમ શિઉના અને તેમના સમકક્ષો દ્વારા અશોભનીય ટિપ્પણીઓ કરવામાં આવી છે. જોકે, હાલમાં કાઢી નાખવામાં આવેલી પોસ્ટમાં, શિઉનાએ માત્ર મોદીની નિંદા કરી નથી પરંતુ અપમાનજનક તુલના પણ કરી હતી, જેમાં ભારતને ગાયના છાણ સાથે સરખાવવાનો સમાવેશ થાય છે. માલદીવ સરકારે ત્વરિત કાર્યવાહી કરી અને ભડકાઉ ટિપ્પણીઓથી પોતાને દૂર રાખ્યા તેમજ અપમાનજનક ટિપ્પણી કરનાર મંત્રીઓને સસ્પેન્ડ કર્યા હતાં. સરકારે એક નિવેદનમાં સ્પષ્ટતા કરી કે ટિપ્પણીઓ વ્યક્તિગત મંતવ્યો છે અને તે સત્તાવાર નિવેદનનું પ્રતિનિધિત્વ કરતી નથી. આ ઘટના સોશિયલ મીડિયાના યુગમાં રાજદ્વારી સંબંધોના નાજુક પ્રકૃતિને ઉજાગર કરે છે. મહત્વપૂર્ણ છે કે આ વિવાદ રામાયણના પ્રચારક પૂજ્ય મોરારી બાપુની દૂરદર્શિતાને પ્રકાશમાં લાવે છે, જેમણે લગભગ બે વર્ષ અગાઉ ૨૨ જાન્યુઆરીથી ૩૦ જાન્યુઆરી, ૨૦૨૨ દરમિયાન લક્ષદ્વીપમાં 'માનસ સાગર' કથાનું આયોજન કર્યું હતું. આ કથાનું નામ 'માનસ સાગર' હતું. જેમાં તેમણે માત્ર આધ્યાત્મિક ઉપદેશો જ આપ્યા નથી, પરંતુ ભારતના ટાપુ પ્રદેશમાં પ્રવાસન વધારવાની પણ હિમાયત કરી હતી. આ કાર્યક્રમે ઘણાં લોકોને આકર્ષ્યા હતા તથા મોરારી બાપુએ સખત કોવિડ-૧૯ પ્રોટોકોલનું પાલન કરીને ૨૬ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ૭૩માં પ્રજાસત્તાક દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. તિરંગાના મહત્વને પ્રતિબિંબિત કરતા મોરારી બાપુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આપણા ધ્વજનો કેસરી રંગ સત્યનું પ્રતીક છે, સફેદ શુદ્ધ પ્રેમનું પ્રતીક છે અને લીલો રંગ કરુણાનું પ્રતીક છે. આ પવિત્ર દિવસે દરેક ભારતીયને મારી શુભકામનાઓ. વિશ્વના દરેક ભાગમાં આપણો ધ્વજ હંમેશા ગૌરવ સાથે લહેરાતો રહે." મોરારી બાપુના ઉપદેશોએ હંમેશા રાષ્ટ્રો વચ્ચે એકતા અને સમજણ પર ભાર મૂક્યો છે. લક્ષદ્વીપમાં તેમની કથા, 'માનસ સાગર' એ પ્રદેશની સાંસ્કૃતિક સમૃદ્ધિ અને ભારતીયો માટે તેમના પોતાના વૈવિધ્યસભર વારસાને શોધવાની જરૂરિયાતનો પુરાવો હતો. લક્ષદ્વીપમાં પ્રવાસન વધારવા માટે મોરારી બાપુની અગાઉની હાકલ પ્રધાનમંત્રી મોદીની મુલાકાતની આસપાસના વર્તમાન વિવાદમાં વધારાનું મહત્વ ધરાવે છે. તણાવપૂર્ણ રાજદ્વારી સંબંધોના સંદર્ભમાં સાંસ્કૃતિક વિનિમય અને સમજણ માટેની તેમની દ્રષ્ટિ વધુ સુસંગત બને છે.

# ૧૦ કરોડમાં વેચાઈ રહી છે અડધી ખાધેલી સેન્ડવિચ

નવી દિલ્હી, તમે વધારેમાં વધારે એક સેન્ડવિચની કેટલી કિંમત આંકી શકો છો? સામાન્ય રીતે ૪૦-૫૦ રૂપિયાથી લઇને તેને ૨૦૦-૨૫૦ રૂપિયા સુધીમાં તમે ખરીદી હશે. તેની કિંમત સેન્ડવિચની ફિલિંગ અને તમે તેને ક્યાંથી ખરીદી રહ્યાં છો તેના પર આધારિત હોય છે. જો કે અમે આજે જે સેન્ડવિચની વાત કરી રહ્યાં છીએ, તે આ બધાથી લાખો-કરોડો ગણા ભાવે વેચાઇ રહી છે. તમે પણ વિચારી રહ્યાં હશો કે આખરે આ સેન્ડવિચમાં એવું તો શું છે? સેન્ડવિચ જો બહુ જ સારી અને ચીઝી હોય તો પણ તેની કિંમત ૫૦૦ રૂપિયાથી વધારે તો ન જ હોઇ શકે. જો કે આ સમયે એક એવી સેન્ડવિચ ફેસબુક પર વેચાઇ રહી છે, જેને ૧૦ કરોડ રૂપિયામાં વેચવામાં આવી રહી છે. સૌકોઇ મૂંઝવણમાં મૂકાઇ ગયા છે કે આ કોની એંઠી સેન્ડવિચ છે? ન્યૂયોર્ક પોસ્ટના રિપોર્ટ અનુસાર, સેન્ડવિચને માર્કેટપ્લેસ પર વેચાણ માટે મૂકવામાં આવી છે. આ એવી જગ્યાએ સેલ માટે મૂકવામાં આવી છે, જ્યાં લોકો ઉપયોગમાં લીધેલો સામાન પણ ખરીદી શકે છે. ફેસબુક માર્કેટપ્લેસ પર ઈંગ્લેન્ડના લીસ્ટરમાં રહેતા એક શખ્સે એક પોસ્ટ કરી હતી. તેની ડિટેલ્સમાં લખવામાં આવ્યું છે કે, આ નવી ગ્રિલ્ડ અને અડધી ખાધેલી સેન્ડવિચ છે. તેમાં ચીઝ અને મીટનો ઉપયોગ થયો છે. આ સેન્ડવિચ ખૂબ જ ક્રિસ્પી છે અને તેથી જ તેને વેચવામાં આવી રહી છે કારણ કે તેનો માલિક તેને સંપૂર્ણ રીતે પૂરી ન કરી શક્યો. આ પોસ્ટમાં તે નથી જણાવવામાં આવ્યું કે, સેન્ડવિચની કિંમત ૧.૩ મિલિયન યુએસ ડોલર્સ એટલે કે ૧૦ કરોડ રૂપિયાથી વધુ કેમ રાખવામાં આવી છે. તે વિગતો પણ આપવામાં નથી આવી કે આ સેન્ડવિચ કોણે ખાધી છે. એવું નથી કે પહેલીવાર કોઇએ આ પ્રકારનો ફોટો મૂક્યો છે. એક શખ્સે પહેલા પર એક એવી પોસ્ટ નાંખી હતી, જેમાં તેણે પોતાના લંચનો ફોટો મૂક્યો હતો. તેના લંચમાં બાફેલા બટાકા અને બેક્ડ બીન્સ હતાં. જેને તેણે નોર્મલ પ્લેટ પર નહીં પરંતુ માઈક્રોવેવના બેકિંગ પ્લેટ પર મૂક્યા હતાં. તેણે કેપ્શનમાં લખ્યું હતું કે, તે મોબાઈલ એન્જિનિયર છે અને તેની વેનમાં માઈક્રોવેર રાખેલું છે. તે ખાવાનું ભૂલી ગયો હતો, તેવામાં તેણે આ જ પ્લેટમાં જમવુ પડી રહ્યું છે. તેણે કહ્યું કે, આનાથી ખરાબ લંચ ન હોઇ શકે.

# બનાસ ડેરીએ પશુપાલકોને ૫૦ હજારની લિમિટ સાથેના ક્રેડિટ કાર્ડ આપ્યા

બનાસકાંઠા, હવે બનાસકાંઠાના પશુપાલકોએ રૂપિયાની જરૂર હોય તો કોઈની પાસે મદદ માટે હાલ નહીં લંબાવવું પડે.એશિયાની સૌથી મોટી બનાસ ડેરી હંમેશા પશુપાલકોના હિતમાં અનોખી પહેલ કરવા માટે જાણીતી છે. ત્યારે વર્ષ ૨૦૨૪માં બનાસ ડેરીએ પશુપાલકોને વધુ આર્થિક સક્ષમ બનાવવા માટે ખાસ ક્રેડિટ કાર્ડ આપ્યા છે. મુખ્યમંત્રીના હસ્તે ક્રેડિટ કાર્ડ મેળવી બનાસકાંઠાના પશુપાલકો ખુશ ખુશાલ થયા છે. પશુપાલકોને રૂપિયાની આકસ્મિત જરૂરિતા પડે તો તેમને કોઈની પાસે હાથ લંબાવવાનો વારો આવતો હોય છે..પરંતુ પશુપાલકોની આ જરૂરિયાતને પૂરી કરવા બનાસ ડેરીએ ખાસ પહેલ કરી છે.

# રશ્મિકા મંદાનાએ લહેંગામાં પોઝ આપ્યા, તસ્વીરો વાયુવેગે વાઈરલ

આજે દુનિયા એક્ટ્રેસ રશ્મિકા મંદાનાના લુક અને સુંદરતાના દિવાના છે અને તે જે પણ શેર કરે છે તે આવતાની સાથે જ વાયરલ થઈ જાય છે. તેના તાજેતરના ફોટામાં રશ્મિકા મંદાના ટ્રેડિશનલ લુકમાં જોવા મળે છે. આ જોઈને ફેન્સ ફિદા થઈ ગયા છે. તસવીરોમાં રશ્મિકા મંદાના ઓરેન્જ લહેંગા સેટમાં ખૂબ જ સુંદર દેખાઈ રહી છે, જેની સાથે તેણે મેચિંગ દુપટ્ટો પણ કેરી કર્યો છે. તસવીરોમાં રશ્મિકા મંદાનાનો દેશી અવતાર જોઈને ફેન્સ તેના વખાણ કરતાં થાકતા નથી. રશ્મિકા મંદાનાએ મેચિંગ જ્વેલરી સાથે તેના લુકને કમ્પલીટ કર્યો છે અને કેમેરા સામે અલગ અલગ પોઝ આપ્યા છે. રશ્મિકા મંદાના બ્લેક આઉટફિટમાં કિલર પોઝ આપતી જોવા. રશ્મિકા મંદાના ટ્રેડિશનલ લુકમાં જોવા મળે છે. આ જોઈને ફેન્સ ફિદા થઈ ગયા છે.

# અનુષ્કા શર્મા-વિરાટ કોહલીને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે આમંત્રણ મળ્યું

અયોધ્યામાં રામ મંદિરના અભિષેકનો દિવસ નજીક છે. આ પ્રસંગે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં એક મોટા સમારોહનું આયોજન કરવામાં આવશે, જેના માટે રમતગમતથી લઈને બોલિવુડ અને બિઝનેસ સુધી દરેક ક્ષેત્રની મોટી હસ્તીઓને આમંત્રણ પત્રો મોકલવામાં આવ્યા છે. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે ઘણા બોલિવુડ સ્ટાર્સને પણ આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. હવે આ લિસ્ટમાં અનુષ્કા શર્મા અને તેના પતિ વિરાટ કોહલીનું નામ પણ સામેલ થઈ ગયું છે. અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીને પણ રામ મંદિરના અભિષેક સમારોહ માટે આમંત્રણ મળ્યું છે. એક્સ પર તેની ચર્ચા થઈ રહી છે અને અનુષ્કા-વિરાટની તસવીર પણ વાયરલ થઈ રહી છે. જેમાં ભગવાન રામના અભિષેક સમારોહ માટેનું આમંત્રણ પત્ર બંને હાથમાં જોવા મળે છે. તમને જણાવી દઈએ કે ભગવાન રામની નગરી અયોધ્યા સાથે અનુષ્કાનું ખાસ કનેક્શન છે. તેમનો જન્મ ૧ મે ૧૯૮૮ના રોજ અયોધ્યામાં થયો હતો. બાદમાં તે પોતાનું કરિયર બનાવવા માટે મુંબઈ શિફ્ટ થઈ ગઈ. અનુષ્કાનો જન્મ અયોધ્યાની મિલિટ્રી હોસ્પિટલમાં થયો હતો. તેના પિતા અજય કુમાર શર્મા અયોધ્યામાં ભારતીય સેનાની ડોગરા રેજિમેન્ટમાં હતા. અયોધ્યામાં રામ મંદિરના અભિષેક સમારોહની વાત કરીએ તો તેની તૈયારીઓ ઘણા સમયથી ચાલી રહી હતી. તેમાં લગભગ ૮ હજાર લોકો ભાગ લઈ શકશે. શ્રી રામ મંદિરના પવિત્ર ચોખા અને અનાજ દેશના ખૂણે ખૂણે વહેંચવામાં આવ્યા હતા. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં રજનીકાંત, મોહનલાલ અને અમિતાભ બચ્ચન સિવાય રણબીર કપૂર, આલિયા ભટ્ટ, રામ ચરણ અને તેમની પત્ની ઉપાસના, અરુણ ગોવિલ, સુનિલ લહેરી અને દીપિકા ચિખલિયા, અનુપમ ખેરને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

# નિક જોનાસ અને પ્રિયંકાએ માલતીનો જન્મદિવસ સેલિબ્રેટ કર્યો

અંજુલા આચાર્ય દ્વારા તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરવામાં આવેલી તસવીરમાં પ્રિયંકા ચોપરા બેબી માલતી મેરીને તેના ખોળામાં રાખેલી જોવા મળી રહી છે. નિક જોનાસ તેની બાજુમાં ઉભો હતો અને તેની સામે ટેબલ પર એક મોટી એલ્મો કેક મૂકવામાં આવી હતી. તેના જન્મદિવસ પર માલતી લાલ પેન્ટની સાથે લાલ દિલવાળા ગુલાબી સ્વેટરમાં સુંદર દેખાતી હતી. તેણે ગુલાબી રંગનું હેડબેન્ડ પહેર્યું હતું. આ દરમિયાન પ્રિયંકા ખૂબ જ સુંદર લાલ ડ્રેસમાં જોવા મળી હતી. નિક પણ તેમની સાથે જોડાયો હતો અને લાલ હૂડી પહેરીને જોવા મળ્યો હતો. નિક અને પીસી બંનેએ 'હેપ્પી બર્થ ડે' ટોપી પહેરી હતી. જન્મદિવસની સજાવટ પણ એલ્મો થીમ આધારિત હોય તેવું લાગે છે. અંજુલા દ્વારા શેર કરવામાં આવેલી અન્ય ફોટો બૂથ તસવીરમાં તે પ્રિયંકા ચોપરા સાથે પોઝ આપતી જોવા મળી રહી છે. તસવીરોના કોલાજમાં અભિનેત્રીની માતા મધુ ચોપરા પણ જોવા મળી હતી. તે બ્લુ આઉટફિટ પર સિલ્વર જેકેટ પહેરેલી જોવા મળી હતી. આ દરમિયાન અંજુલા આચાર્ય દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં માલતી મેરીને તેના જન્મદિવસની તૈયારીમાં મદદ કરવાનો પ્રયાસ કરતી જોઈ શકાય છે. તે બલૂનને ફુલાવવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ પછી તે ભાગી જાય છે. આ પહેલા નિક, પ્રિયંકા અને માલતીએ તેમનો જન્મદિવસ બીચ પર સેલિબ્રેટ કર્યો હોવાની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. એક વીડિયોમાં નિક અને પ્રિયંકા બીચ પર હાથ પકડીને ચાલતા જોવા મળે છે. માલતી પણ પરિવાર અને મિત્રો સાથે બીચ પર જોવા મળી હતી. જેમાં કેવનોઘ જેમ્સ અને દિવ્યા અખૌરીનો સમાવેશ થાય છે.

# ૨૪ વર્ષના છોકરાનો મહિને પગાર ૮૪ હજાર રૂપિયા

નવી દિલ્હી,

આજકાલના યુવાનોમાં એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. તેઓ વધુને વધુ પૈસા કમાઇને વહેલી તકે નિવૃત્ત થવા માંગે છે. કઇ રીતે વહેલા નિવૃત્ત થવું તેના વિવિધ રસ્તાઓ શોધતા રહે છે. વહેલા નિવૃત્ત થવા માટે તમારે કેટલા ભંડોળની જરૂર છે? ક્યાં રોકાણ કરવું જેથી તમને સારું વળતર મળે. આ જ કારણ છે કે ઘણા યુવાનો નોકરીના શરૂઆતના વર્ષોમાં એટલું કમાઇ લે છે કે અન્ય લોકો જીવનભર કામ કરીને પણ કમાણી કરી શકતા નથી. ઓસ્ટ્રેલિયામાં રહેતા એક છોકરાનો પગાર સાંભળીને તમારી આંખો પહોળી થઇ જશે. આ છોકરો માત્ર ૨૪ વર્ષનો છે, પરંતુ તેનો પગાર વાર્ષિક ૪૫ લાખ રૂપિયા છે. જો કે આ કામ એટલું સરળ નથી. દરેક વ્યક્તિ તે કરી શકતું નથી, કારણ કે ત્યાં ઘણાં જોખમી કામ છે. તેમ છતાં ઘણા લોકો સારી નોકરી છોડીને આ કામ કરવા જઈ રહ્યા છે, કારણ કે તેમાં અઢળક પૈસા છે. રિપોર્ટ અનુસાર, મેસન ફ્રાન્સિસ ૨૪ વર્ષનો છે અને તે ઓસ્ટ્રેલિયાના કર્રાથા શહેરમાં રહે છે. આટલી નાની ઉંમરમાં તે રોજના ૮૪ હજાર રૂપિયા કમાય છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે તેની પાસે કોઈ ડિગ્રી નથી, તેમ છતાં દર વર્ષે તે ૪૫ લાખ રૂપિયાથી વધુનો પગાર કમાય છે. મેસનને તાજેતરમાં જ ટિકટોક પર તેની નોકરી વિશે ખુલીને વાત કરી હતી. "આ કામ નબળા મનના લોકો માટે નથી. પરંતુ જો તમારું લીવર મજબૂત હોય તો આ કામ કરવા માટે કોઇ યુનિવર્સિટીની ડિગ્રીની જરૂર નથી. માત્ર ૧૦ અઠવાડિયાની ટ્રેનિંગ છે, જે તમને આ નોકરી અપાવશે. પરંતુ કામ એટલું સરળ નથી. મેસને જણાવ્યું કે, આ નોકરી થોડી અઘરી છે, પરંતુ વિશ્વાસ રાખો કે તમને એટલા પૈસા મળશે કે દુનિયાની કોઈ પણ કંપની તમને આટલા પૈસા નહીં આપી શકે. તમે વિચારતા હશો કે આખરે મેસન ફ્રાન્સિસ શું કરે છે? તો આ વાતનો ખુલાસો કરતા તેણે કહ્યું કે- તે એક તેલનું ખનન કરતી કંપનીમાં કામ કરે છે. તેણે ઓયલ રીગર તરીકે શરૂઆત કરી અને હવે તે સમુદ્રની નીચે જઇને ઓઇલ માઈનિંગ મશીનમાં કામ કરે છે. મેસને કહ્યું કે, તેને બ્રેક વગર સતત ૨૮ દિવસ સુધી કામ કરવું પડે છે. આ સમય દરમિયાન દરિયાના તોફાની મોજાઓનો પણ સામનો થાય છે. ઘણી વખત શાર્કથી ઘેરાયેલી બોટ પર જ રહેવું પડે છે. આ નોકરીમાં જીવનું જોખમ રહેલું છે. મેસને કહ્યું કે, તે ફીફો જોબ્સ કરે છે. એનો અર્થ થાય છે ફ્લાય ઇન, ફ્લાય આઉટ. ઓઇલ માઈનિંગ કંપનીમાં બે પ્રકારના લોકો કામ કરે છે. ઓફશોર અને ઓનશોર. ઓફશોર તે છે જે સમુદ્રની નીચેના મશીનો પર કામ કરે છે, જ્યારે ઓનશોર તે છે જે બીચ પર કામ કરે છે અને રિફાઇનરીમાં તેલ મોકલવામાં લાગેલા છે. જ્યાંથી તેલ આપણા પેટ્રોલ પંપ સુધી પહોંચે છે. જ્યારે કંપનીઓ તેમના કર્મચારીઓને કોઈ ચોક્કસ સ્થળે કામ કરવા માટે બહાર લઈ જાય છે, ત્યારે તેને ફીફો જોબ કહેવામાં આવે છે. આ સમય દરમિયાન, કંપની કર્મચારીઓને મફત રહેવાની, ફ્લાઇટ્સ અને ભોજનનો સંપૂર્ણ ખર્ચ ઉપાડે છે. મેસન પણ ૬ મહિના સુધી કામ કરે છે અને બાકીના ૬ મહિનાની રજા માણે છે. તેણે કહ્યું કે, આ દરમિયાન તે દુનિયાનો પ્રવાસ કરે છે. મેસન એકલો નથી, એક વ્યક્તિએ વાર્ષિક એક કરોડ કમાવા માટે યુનિવર્સિટી છોડી દીધી હતી.

# નરાધમ બનેવીએ સગીર સાળીને હવસનો શિકાર બનાવી

પારડી, વલસાડ જિલ્લાના પારડી પોલીસ સ્ટેશનમાં એક સાસુએ પોતાના સગા જમાઈ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. નરાધમ બનેવીએ પોતાની સગીર સાળી પર અવારનવાર દુષ્કર્મ આચાર્યાની સાસરીયા પક્ષને જાણ થતા સાસુએ જમાઈ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. આથી પોલીસે નરાધમ જમાઈની ધરપકડ કરી તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વલસાડ જિલ્લાના પારડી પોલીસે જય પન્નારામ નામના વ્યક્તિની ધરપકડ કરી છે. જેણે પોતાની જ સગીર સાળીને હવસનો શિકાર બનાવી તેના પર અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. મૂળ અંકલેશ્વરની એક સગીરા પારડીના એક ગામમાં રહેતી હતી અને તેની મોટી બહેનના ઘરે અભ્યાસ કરવા આવી હતી. બેહેનના ઘરે રહી અને અભ્યાસ કરતી આ સગીરા પર તેના જ સગા બનાવીએ દાનત બગાડી હતી. અને તેને લગ્નની લાલચ આપી હવસનો શિકાર બનાવી હતી.આ નરાધમે માત્ર એક જ વખત નહીં પરંતુ છ મહિના સુધી સગીર સાળી પર અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. જેની જાણ પત્ની એટલે પીડિતાની મોટી બહેનને થઈ ગઈ હતી. આથી પરિવારમાં ઝઘડો થયો હતો ત્યારબાદ પીડિત સગીરાને તેની બહેને અંકલેશ્વર મોકલી આપી હતી. જોકે તેમ છતાં હવસખોર જીજાજીએ સગીરાનો પીછો ન છોડતા સગી સાસુએ જ તેના વિરુદ્ધ પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**સમારકામ અને મજબુતીકરણ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. 08 વર્ષ 2023-24. તા.09-01-2024. અનુ. નં.1: ઈ-ટેન્ડર નં. ડીવાયસીઈ-બીઆર-એડીઆઈ-11-2023-24 (1) કામનું નામઃ** અમદાવાદ ડિવિઝનના સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ ગેરતપુર-વટવા સ્ટેશન વચ્ચે કિ.મી. 485/5-6 ખાતે AUDA ROB-713-A ના સુપર સ્ટ્રક્ચરનું સમારકામ અને મજબૂતીકરણ કરવાનું કામ. **(2) એનઆઈટી ની અંદાજીત પડતરઃ** ₹ 4,81,40,752.24/- **(3) બિડ સિક્યુરીટી પડતર/ઈએમડીઃ** ₹ 3,09,700.00. **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ તા.02-02-2024 ના** 15:00 કલાકે. **ઓફિસનું સરનામુંઃ** ડેપ્યુ.ચીફ એન્જીનીયર (બ્રિજ), અમદાવાદ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફીસ પરિસર, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત-380016. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટઃ www.ireps.gov.in**

ADI-245

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન ના નીચે મુજબના આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ માટે બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ ની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI-39-23 | જાહેરાત - ટ્રેન આંતરીક | મોબાઈલ એસેટ્સ | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.29-01-2024 ના 11:00 કલાકે શરૂ થશે. |

નોંધઃ (1) પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની અને હરાજીમાં ભાગ લેતાં પહેલાં તેમને પોતાને રજીસ્ટર્ડ કરાવવાની વિંનતી કરવામાં આવે છે. (2) ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટ પ્રમાણેની વિગતો આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ : અમદાવાદ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે. (3) પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના લિઝીંગ મોડ્યુલ પર જોઈ શકાશે. (4) નિર્ધારીત હરાજી થી સંબંધિત કોઈપણ પૂછપરછ માટે, કૃપા કરી srdcm@adi.railnet.gov.in ખાતે અથવા +91-9724093968 ઉપર અમારો સંપર્ક કરો.

ADI-253

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**આલોક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**

ALOK INDUSTRIES LIMITED — INNOVATIVE TEXTIL SOLUTIONS

**સીઆયએન.** L17110DN1986PLC000334

**રજીસ્ટર્ડ ઓફીસ:** ૧૭/૫/૧, ૫૨૧/૧ ગામ રાખોલી / સાયલી, સીલવાસા - ૩૯૬૨૩૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી

**ટેલીફોન નંબર** : ૦૨૬૦-૬૬૩૭૦૦૧; **ઇમેલ આઇડી** : investor.relations@alokind.com; **વેબસાઇટ** : www.alokind.com

**ડિસેમ્બર ૩૧, ૨૦૨૩ ના રોજ પુરા થયેલા ત્રિમાસીક / નવ મહિના માટેના કન્સોલીડેટેડ અનઓડીટેડ નાણાંકીય પરિણામો**

(રૂા. કરોડમાં, શેર દીઠ ડેટા સિવાય)

| ક્રમ નં. | વિગતો | ત્રિમાસીકના અંતે ૩૧.૧૨.૨૦૨૩ | ૯ મહિનાના અંતે ૩૧.૧૨.૨૦૨૩ | ત્રિમાસીકના અંતે ૩૧.૧૨.૨૦૨૨ |
|---|---|---|---|---|
| ૧ | ઓપરેશન્સમાંથી આવક | ૧,૨૫૩.૦૩ | ૪,૦૪૦.૨૮ | ૧,૭૧૭.૬૦ |
| ૨ | સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) કર પહેલા * | (૨૨૮.૭૪) | (૬૨૯.૭૧) | (૨૪૯.૮૩) |
| ૩ | સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) કર પછી | (૨૨૯.૯૨) | (૬૩૦.૮૯) | (૨૪૯.૮૩) |
| ૪ | સમયગાળા માટે કુલ વ્યાપક આવક | (૨૩૧.૦૩) | (૬૫૩.૦૭) | (૨૫૯.૬૬) |
| ૫ | ચૂકવેલ ઇક્વિટી શેર મૂડી, ઇક્વિટી શેર્સ રૂા. ૧/- દીઠ ફેસ મુલ્ય | ૪૯૬.૫૩ | ૪૯૬.૫૩ | ૪૯૬.૫૩ |
| ૬ | પુનઃ મૂલ્યાંકન અનામત સિવાય અન્ય ઈક્વિટી ** | - | - | - |
| ૭ | ઈક્વિટી શેરદીઠ કમાણી (ઈપીએસ) ( રૂા. ૧/- દીઠ ફેસ મુલ્ય) (વાર્ષિક નથી): | | | |
| | મૂળભૂત (રૂા. માં) | (૦.૪૬) | (૧.૨૭) | (૦.૫૦) |
| | ડાયલ્યુટેડ (રૂા. માં) | (૦.૪૬) | (૧.૨૭) | (૦.૫૦) |

* બિન-નિયંત્રિત વ્યાજ શામેલ છે.

** માર્ચ ૩૧, ૨૦૨૩ ના રોજ સમાપ્ત થયેલ વર્ષ માટે પુનઃમૂલ્યાંકન અનામત સિવાય અનામત રૂા. (૧૯,૩૯૬.૯૬) કરોડ.

**નોંધ:**

૧) ઓડિટ કમિટીએ પરિણામોની સમીક્ષા કરી છે અને ઓડિટ કમિટી તેમજ બોર્ડ ઓફડાયરકટર્સે જાન્યૂઆરી ૧૭, ૨૦૨૪ ના રોજ તેમની સંબંધિત બેઠકોમાં ઉપરોક્ત પરિણામો અને તેના પ્રકાશનને મંજૂરી આપી છે. કંપનીના વૈધાનિક ઓડિટરોએ ઉપરોક્ત પરિણામોની મર્યાદિત સમક્ષિા હાથ ધરી છે.

૨) સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાકીય પરિણામો પર વધારાની માહિતી નીચે મુજબ છે : (રૂા. કરોડમાં)

| ક્રમ નં. | વિગતો | ત્રિમાસીકના અંતે ૩૧.૧૨.૨૦૨૩ | ૯ મહિનાના અંતે ૩૧.૧૨.૨૦૨૩ | ત્રિમાસીકના અંતે ૩૧.૧૨.૨૦૨૨ |
|---|---|---|---|---|
| ૧ | ઓપરેશન્સમાંથી આવક | ૧,૨૧૭.૨૦ | ૩,૯૨૦.૯૨ | ૧,૬૬૪.૯૯ |
| ૨ | સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) કર પહેલા | (૨૧૫.૫૦) | (૬૦૬.૮૩) | (૨૪૧.૪૩) |
| ૩ | સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) કર પછી | (૨૧૫.૫૦) | (૬૦૬.૮૩) | (૨૪૧.૪૩) |
| ૪ | સમયગાળા માટે કુલ વ્યાપક આવક | (૨૧૮.૬૩) | (૬૦૭.૨૯) | (૨૪૦.૬૦) |

૩) ઉપરોક્ત પરિણામ, ડિસેમ્બર ૩૧, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટેના કન્સોલીડેટેડ અને સ્ટેન્ડઅલોન અનઓડિટેડ નાણાંકીય પરિણામોનો સંક્ષીપ્ત વર્ણન છે, જે સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ ના નિયમ ૩૩ ને અનુલક્ષીને સ્ટોક એકસચેન્જોમાં દાખલ કરવામાં આવ્યો છે. ડિસેમ્બર ૩૧, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટેના કન્સોલીડેટેડ અને સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામોનો સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એકસચેન્જની વેબસાઈટ (www.bseindia.com / www.nseindia.com) અને કંપનીની વેબસાઇટ www.alokind.com પર ઉપલબ્ધ છે.

આલોક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી

સહી/-

એ. સિદ્ધાર્થ

ચેરમેન

સ્થળ : મુંબઈ

તારીખ : જાન્યૂઆરી ૧૭, ૨૦૨૪